અપીલ અરજી નં.૧૬ તા.૧૩–૪ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – પ્રમુખશ્રી આશીર્વાદ એપાર્ટમેન્ટસ કો.ઓ.હા.સો.લી.
સામાવાળાઃ– ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ પ્રમુખશ્રી આશીર્વાદ એપાર્ટમેન્ટસ કો.ઓ.હા.સો.લી.ની તા.૨૪–૩–૧૧ની અરજીથી ૯/૧૦૩૧ ની મિલકતના ફલેટ નં.૧૦૫ માં માલિક તરીકે મીનાક્ષીબેન દિક્ષીતભાઈ છોવાલાનું નામ કયા પુરાવા હેઠળ દાખલ કરેલ તે બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અપીલ તા.૧૩–૪–૧૧ ની **SMC/FAP/** નં.૧૬ /૨૦૧૧–૧૨

આરટીઆઈ એકટ હેઠળ પ્રમુખશ્રી આશીર્વાદ એપાર્ટમેન્ટસ કો.ઓ.હા.સો.લી.ની તા.૨૪–૩–૧૧ની અરજીથી ૯/૧૦૩૧ ની મિલકતના ફલેટ નં.૧૦૫ માં માલિક તરીકે મીનાક્ષીબેન દિક્ષીતભાઈ છોવાલાનું નામ કયા પુરાવા હેઠળ દાખલ કરેલ તે બાબત. આપેલ માહિતી સંતોષકારક ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૩–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ/વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે નામ દાખલ નિયમની જોગવાઈ આધારસહ મોકલવા તેમજ વધુમાં અરજદારની રજૂઆત અનુસાર હયાત નિયમો હેઠળ નામ દાખલ કરવા સોસાયટીના પ્રમુખની મંજુરીની અનિવાર્યતાની જોગવાઈ છે કે કેમ ? તેપણ સ્પષ્ટ કરવા સહિત પૂરક વિગતો મોકલવા પત્ર નં. આરટીઆઈસેલ ૭૪ તા. ૧૮/૪/૧૧ થી ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન તથા અરજદારને અપીલ અરજીમાં તેમની રજુઆત વહીવટી–પ્રક્રિયા સુધારણા સાથે તકરાર નિવારણની જણાય છે. તેના ઉલ્લેખ સહ મુળ માંગેલ માહિતી, તે પૈકી મળેલ ,નહીં મળેલ અને નારાજગીની વિગતો, ફીની વિગત સહ આધાર સાથે ગ્રાહક સુરક્ષા ફોરમના અરજદારે કરેલ દાવાનુસારના હુકમની નકલ સહ રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. એઆરડી/૨૦૨ તા. ૯/૫/૧૧ ના પૂરકપત્રથી અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પાઠવેલ પત્ર એઆરડી/૨૦૨ તા. ૭/૪/૧૧ ના પત્રની નકલ મીનાક્ષીબેન દિક્ષીતભાઈ છોવાળાનું નામફેર અંગેનું ફોર્મ નં. ૧૩૪૨૪ ની નકલ, ટેનામેન્ટ નં. ૦૯એ–૧૭–૦૭૧૫–૦–૦૦૧ ટેનામેન્ટની તા. ૧/૪/૦૮ ની અસરથી દાખલ કરવા જણાવતી ખાસ નોટીસની નકલ, તા. ૬/૧૨/૦૮ ના રોજ સદર ટેનામેન્ટની ભરેલ ટેક્ષની રસીદ, સબ રજીસ્ટર કચેરી ઉધના–૨ ની તા. ૨૮/૧૧/૦૮ ની ઈનડેક્ષની નકલ, તા. ૨૭/૨/૦૬ ના રોજ કીર્તિબેન મહેન્દ્રકુમમાર તિજોરીવાળાના સ્ટેમ્પ ઉપર બનાવેલ અને નોટરી થયેલ ક્રમ નં.૫૪૭ ધરાવતા પાવર ઓફ એટર્નીની નકલ, તા. ૧૬/૩/૦૬ ના રોજ બનાવેલ દસ્તાવેજની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તેમની તા. ૨૯–૪–૧૧ ના પત્રથી જીલ્લા ગ્રાહક તકરાર ફોરમ સુરતના બાબત હેઠળના તા.૨૫–૨–૧૧ ના ચૂકાદાની નકલ મોકલેલ છે.

અરજદારની તા. ૨૪/૩/૧૧ ની અરજીથી ૯/૧૦૩૧ ની મિલકતના ફલેટ નં. ૧૦૫ માં માલિક તરીકે મીનાક્ષીબેન દિક્ષીતભાઈ છોવાલાનું નામ કયા પુરાવા હેઠળ દાખલ કરેલ છે, આ ફલેટના ખરા માલિક મહેન્દ્રભાઈ રમણભાઈ તિજોરીવાળા છે તે પહેલાં રાજેન્દ્રનાથ નાનચંદ શાહનું નામ હોલ્ડર તરીકે હતું, ટેનામેન્ટ નં. ૦૯એ–૧૭–૦૭૧૫–૦–૦૦૧ તેમજ તા. ૨૨/૧/૧૦ ના રોજ એસેસમેન્ટ રીકવરી ઓફિસરને પુરાવા સહિત અરજી કરેલ, પરંતુ કોઈ જવાબ નથી તેવું અન્ય માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને કરવામાં આવેલ, જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. એઆરડી/૨૦૨ તા. ૭/૪/૧૧ થી " વોર્ડ નં. ૦૯ નોંધ નં. ૧૦૩૧ થી નોંધાયેલ મિલકત ફલેટ નં. ૧૦૫, ટેનામેન્ટ નં. ૦૯એ–૧૭–૦૭૧૫–૦–૦૦૧ માં મીનાક્ષીબેન દિક્ષીતભાઈ છોવાલા તરફથી તા. ૩૦/૧૨/૦૮ ના રોજ ઈનવર્ડ નં. ૧૨૧ થી કરવામાં આવેલ નામફેર ફેરફાર અંગેની અરજી અને તેની સાથે રજુ કરેલ વેચાણ દસ્તાવેજ ઈનડેક્ષની નકલ વિ. પુરાવાઓના આધારે આકારણી દફતરે દાખલ કરવામાં આવેલ છે. સદર દસ્તાવેજી પુરાવાઓની નકલ પાના નંગ–૪૫ ના રૂા. ૯૦.૦૦ ભરપાઈ કર્યેથી મળી શકશે. તેવું સમય મર્યાદામાં જણાવેલ છે. જે બાબતે અરજદારે સેન્ટ્રલ ઝોનના જાવક નં. ૬ તા. ૮/૪/૧૧ થી સંતોષકારક નથી તેવું જણાવી તા. ૧૩/૪/૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. (૧) અપીલ અરજીમાં અરજદારે તા. ૧/૮/૦૬ થી પરવાનગી વગર કોઈ પણ ફલેટ હોલ્ડરનું નામ દાખલ નહીં કરવાની અરજી બાબતેની રજુઆત કરેલ (૨) સોસાયટીના સભાસદ ન હોવા, શેર સર્ટીફિકેટમાં તેમનું નામ નહોવા છતાં, પ્રોપર્ટીકાર્ડમાં તેમનું નામ ન હોવા છતાં, ઈન્ડેક્ષ અને વેચાણ દસ્તાવેજના ખોટા પુરાવાના આધારે નામ દાખલ કરવાની રજુઆત કરેલ છે. (૩) તા. ૨૨/૧/૧૦ ના પુરાવા સહિતના પત્રનો કોઈ જવાબ આપ્યો નથી. (૪) અરજદાર વિરૂધ્ધ ગ્રાહક સુરક્ષા ફોર્મના કેસની રજુઆત કરેલ છે. (૫) નામ

ચઢાવવાના પ્રોસીઝર અંગેની રજુઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરક વિગતોમાં વોર્ડ નં. ૯/૧૦૩૧ થી નોંધાયેલ આશીર્વાદ એપાર્ટમેન્ટ ફલેટ નં. ૧૦૫ ટેનામેન્ટ નં. ૦૯એ–૧૭–૦૭૧૫–૦૦૧ માં મીનાક્ષીબેન દિક્ષીતભાઈ છોવાળાનું નામ સને ૧૯૪૯ ના મુંબઈ પ્રાંતીય મહાનગરપાલિકાઓના અધિનિયમ અનુસુચિ–ક–ના પ્રકરણ ૮ ના કરવેરાના નિયમ ૧ અને ૨ મુજબ આકારણી દફતરે દાખલ કરવામાં આવેલ છે. આ બાબતે પમુખશ્રીની મંજુરી લેવાની કોઈ જોગવાઈ નથી.તેવું પણ જણાવેલ છે.

વધુમાં સદર ટેનામેન્ટવાળો દાખલ ફલેટ હાલમાં આકારણી દફતરે માલિક તરીકે મીનાક્ષીબેન દિક્ષીતકુમાર છોવાળાનું નામ દાખલ છે. તેના મુળ માલિક તરીકે રાજેન્દ્રકુમાર નાનચંદ શાહ તરફથી જે તે ફલેટ મહેન્દ્ર રમણલાલ તિજોરીવાળાને એલોટ કરવામાં આવેલ અને તેઓ ગુજરી જવાથી તેઓના સીધી લીટીના વારસદાર ૧ મેહુલ મહેન્દ્ર તથા ૨ નિલય મહેન્દ્ર તિજોરીવાળાએ આપેલ પાવર ઓફ એટર્નીને આધારે કિર્તીબેન મહેન્દ્રભાઈ તિજોરીવાળાએ હાલનતા માલિકને રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે. વધુમાં અરજદારની તા. ૨૨/૧/૧૦ ની અરજી સંદર્ભે માલિકી બાબતે કોઈ વિસંગતતા હોઈ જે તે અરજી દફતરે કરવામાં આવેલ છે.

ઉકત બાબતની જાણ તેમજ માંગવામાં આવેલ પુરાવાઓ મેળવવા પાના નંગ ૪૫ ના રૂા. ૯૦ ભરપાઈ કરવા અરજદારને સેન્ટ્રલ ઝોનના પત્રક્રમાંક એઆરડી/૨૦૨ તા. ૭/૪/૧૧ થી જણાવવામાં આવેલ છે. જે તેઓ તરફથી ભરપાઈ કરવામાં આવેલ નથી. આમ અરજદારની આપેલી અરજીઓ અંગે જાહેર માહિતી અધિકારીએ માલિકી બાબતે કોઈ વિસંગતતા ન હોઈ જે તે અરજી દફતરે કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે. આમ અરજદારને માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પુરી પાડવામાં આવેલ છે. પરંતુ અરજદારે મુળ અરજીથી અપીલ તબકકે ઉઠાવેલ સોસાયટીના સભાસદ સર્ટીફિકેટ કે પ્રોપર્ટી કાર્ડમાં નામ ન હોવા બાબતે તેમજ ખોટા દસ્તાવેજ અને આકારણી દફતરે નામ દાખલની પ્રોસીઝર બાબત અને ગ્રાહક સુરક્ષા ફોરમની રજુઆત વિગેરે ફરિયાદ તકરાર નિવારણને લગતી બાબત હોઈ, જે બાબતે અરજદારને અપીલ તબકકે પણ જણાવેલ છે. તેમજ અરજદારે જાહેર માહિતિ અધિકારીએ રજુ કરેલ પ્રસ્તાવ અંગે નાણાં ભરપાઈ કરીને માહિતિ મેળવેલ નથી. તેમજ માહિતી બાબતેની નારાજગી રજુ કરવા પણ જણાવેલ પરંતુ તેમ કરવામાં અરજદાર સફળ રહેલ નથી. અત્રે એ પણ સૂચક છે કે અરજદારે રજૂ કરેલ ગ્રાહક ફોરમના ચૂકાદાની નકલ માલીકીની તકરાર સબંધમાં નહીં પરંતુ ફરીયાદી મીનાક્ષીબેન અને સોસાયટી વચ્ચે વહીવટી ખર્ચ વસુલવા તથા સેવામાં ખામીને સ્પર્શતી છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૪–૩–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અંગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતિ અધિકારીએ કરેલ પ્રસ્તાવમાં નિર્દિષ્ટ નાણાં ભરપાઈ કરીને માહિતિ મેળવવા સ્વતંત્ર છે. વધુમાં અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી તકરાર નિવારણને લગતા ઉપસ્થિત કરેલ પ્રશ્નો અંગે સક્ષમ સત્તાને રજુઆત કરવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૧

પ્રતિ,
(૧) ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી ( સેન્ટ્રલઝોન)...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી જયંતકુમાર આર. પટેલ